સંદેશ, પાના.નં.-૦૫.
તારીખ, ૨૫/૦૨/૨૦૨૫

# ૧૨ મહિનામાં ૩.૬૯ કરોડ લોકોએ મેટ્રોની મુસાફરી કરી, ૪૩.૬૨ કરોડની આવક !

અમદાવાદ : વર્ષ ૨૦૨૪ દરમિયાન મેટ્રો ટ્રેનમાં ૩.૬૯ કરોડ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેને લઈને મેટ્રોને ગત વર્ષે રેકોર્ડ બ્રેક ૪૩.૬૨ કરોડ રૂપિયાની જંગી આવક થઈ હતી. ચાલુ વર્ષ ૨૦૨૫માં તા.૨૩ ફેબ્રુઆરી સુધીના ૫૪ દિવસમાં જ મેટ્રોમાં ૬૮ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી જેના થકી ૮.૧૫ કરોડની આવક થઈ છે.મોટેરા સ્ટેડિયમમાં વિશેષ આયોજનો હોય, ક્રિકેટ, કોલ્ડપ્લે સહિતના કાર્યક્રમો વખતે મુસાફરોના ધસારાને જોતા મેટ્રોના ફેરા અને સંચાલન સમય વધારાય છે. જેને લોકો મહતમ લાભ લઈ રહ્યાં છે.